**ક્રિમીનલ કેસ નં.૧૫૧૦/૨૦૨૩**

**– :: આંક–૧ ની ચાર્જશીટ હેઠળ હુકમ ::–**

---

(૧) હાલના કામે આરોપી વિરૂઘ્ધ ફરીયાદી પોલીસ કર્મી ઘ્વારા ગુજરાત પ્રોહીબીશન એકટ કલમ–૬૫ (એ,એ) હેઠળના ગુના સબબ ફરીયાદ આપતાં સંબધિત પોલીસ સ્ટેશને ગુનો નોંધી સદર ગુનાના કામે તપાસ કરનાર અધિકારી ઘ્વારા તપાસના અંતે આરોપી સામે ચાર્જશીટ દાખલ કરવામાં આવેલ છે. સદર ચાર્જશીટ રજુ થતાં ઉભયપક્ષની રજુઆત સાંભળવામાં આવેલ.

(૨) આ કામના આરોપી સામે ધ ગુજરાત પ્રોહીબીશન એકટની કલમઃ ૬૫ (એ,એ) મુજબના શિક્ષા પાત્ર ગુના અંગેનો આરોપ છે. સદર કામે આરોપી આજરોજ અદાલત સમક્ષ હાજર થતાં અને આરોપી તેની સામે આક્ષેપાયેલ ગુનો કબુલ કરવા માગતો હોય અને તે અંગેની લેખિત ગુના કબુલાત પુરસીસ રજુ કરતા, આરોપીને તેની સામે આક્ષેપાયેલ ગુના અંગેની સમજ કરવામાં આવેલ અને આરોપીએ કોઈપણ જાતના દબાણ વગર સ્વૈચ્છાએ ગુનો કબુલ કરતા હોવાનું જણાવેલ છે અને આરોપી સામે આંક–૪ થી તહોમતનામું ફરમાવી આરોપીની આંક–૫ થી પ્લી રેકર્ડ કરતા તેમાં પણ આરોપીએ ગુનો કબુલ હોવાનું જણાવેલ છે.

(૩) આમ,આરોપીપક્ષે ગુનાની કબુલાત સ્વૈચ્છિક રીતે કોઈપણ પ્રકારના દબાણ વિના ગુનો કબુલ કરતા હોય જે નહી માનવાને કોઈ કારણ નથી. આરોપીપક્ષે રજુઆત છે કે, આરોપી ગરીબ વર્ગના છે તેમજ તેઓના કુટુંબના ભરણપોષણની જવાબદારી તેઓના શિરે હોવાની રજુઆત છે. ફરીયાદપક્ષે ચાર્જશીટ સાથે અગાઉના ગુનાની સાબિતીની હકીકતો રજુ કરેલ નથી.

(૪) આમ, કેસની હકીકત, આરોપીની આર્થિક પરિસ્થિતિ તથા સ્વૈચ્છિક કબુલાત ઘ્યાને લઈ તેમજ તે અંગે નામદાર ગુજરાત હાઈકોર્ટ ઘ્વારા '' સ્ટેટ ઓફ ગુજરાત વિરૂઘ્ધ નટવર હરચંદજી ઠાકોર '' ના ૨૦૦૫ ક્રિમીનલ લો જર્નલ ૨૯૫૭ પર પ્રસિઘ્ધ ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિઘ્ધાંતો ઘ્યાને લેતા આરોપીને કાયદામાં જણાવેલી સજા કરતાં ઓછી સજા કરવામાં આવે તો ન્યાયનો વિશાળ હેતુ જળવાશે તેમ જણાય છે. આમ, ઉપરોકત સંજોગોમાં નીચે મુજબનો આખરી હુકમ કરવા ન્યાયોચિત જણાઈ આવે છે.

## –:: આ ખ રી હુ ક મ ::–

(૧) હાલના કામના આરોપી **અજય ઉર્ફે ગોગો કાનજીભાઈ વસાવા**ને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૪૧ અન્વયે ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ–૬૫ (એ,એ) મુજબના ગુન્હાના તકસીરવાન ઠરાવી રૂા.૨૦૦/– (અંકે રૂપિયા બસો પુરાનો) દંડ તથા કોર્ટ ઉઠતા સુધીની સજા ફરમાવવાનો હુકમ કરવામાં આવે છે. જો દંડની રકમના ભરવામાં આવે તો ૧૦ દિવસની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આ કામે કબજે કરવામાં આવેલ મુદ્દામાલનો અપીલ સમય વિત્યે નાશ કરવો.

હુકમ આજરોજ સ્પેશ્યલ સીટીંગમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૦૯/૦૯/૨૦૨૩
સ્થળ:વાગરા

**(એસ.બી.દેવડા)**
ન્યાયિક મેજીસ્ટ્રેટ
પ્રથમ વર્ગ, વાગરા.
કોડ નં.જી.જે.–૦૧૬૧૪